**વડીલોને વંદન**
**અભિનંદન**



નટુભાઈ કાળીદાસ દરજી
(૧૯૪૮)મો.૯૮૨૪૬૯૧૧૯૨૬

# ભાજપના સુરતના ધારાસભ્ય કિશોર વાકાંવાલાનું નિધન

## રાજ્યપાલ, મુખ્યમંત્રી, વિપક્ષ નેતા અને ભાજપના પ્રદેશ પ્રમુખ સહિત તમામ દ્વારા સ્વ. વાકાંવાલાને અજંલિ આપી

અમદાવાદ, તા.૨૯

સુરત વિધાનસભા મત ક્ષેત્રના ભાજપના ધારાસભ્ય કિશોરભાઈ વાકાંવાલાનું આજે વહેલી સવારે કેન્સરની બિમારીથી અવસાન થતા તેમના પરીવારજનો તથા ભાજપમાં ઘેરા શોક અને આઘાતની લાગણી ફેલાઈ છે. સદ્‌ગત તેમની પાછળ પત્ની રમાબેન તથા એક પુત્રીને વિલાપ કરતા છોડી ગયા છે. રાજ્યપાલ ડો. કમલા, મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી, વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા, ભાજપના પ્રદેશ પ્રમુખ આર.સી. ફળદુ તથા આગેવાનોએ સદ્‌ગતને શ્રધ્ધાંજલિ પાઠવી છે. સ્વ. કિશોરભાઈ વાકાંવાલા ભાજપના પ્રદેશ ઉપપ્રમુખથી માંડીને પંચશીલ મર્કેન્ટાઈલ કો.ઓ. બેન્કના મેનેજીંગ ડિરેક્ટર તેમજ સંખ્યાબંધ સામાજીક અને અન્ય સંખ્યાઓમાં વિવિધ હોદ્દાઓ પર કાર્યરત હતા. આજે બપોરે નીકળેલી તેમની અંતિમ યાત્રામાં ભાજપ તથા કોંગ્રેસ સહિત રાજકીય પક્ષોના આગેવાનો, સામાજીક આગેવાનો, વકીલો તબીબો વગેરે ખુબ જ મોટી સંખ્યામાં જોડાયા હતા. ગુજરાતના રાજ્યપાલ ડો. શ્રીમતી કમલાએ સુરતના ધારાસભ્ય કિશોર વાકાંવાલાના નિધન પર ઉંડા દુઃખ અને શોકની લાગણી વ્યક્ત કરી છે.

રાજ્યપાલે તેમના શોક સંદેશમાં જણાવ્યું છે કે સ્વર્ગસ્થ કિશોર વાકાંવાલાએ જનસેવાના કાર્યોમાં ઉલ્લેખનીય યોગદાન આપ્યું હતું. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ સુરત (પશ્ચિમ) વિધાનસભા મતક્ષેત્રના ભાજપના ધારાસભ્ય કિશોરભાઈ વાંકાવાલાના અવસાન અંગે ઉંડા દુઃખ અને આઘાતની લાગણી વ્યક્ત કરી છે. શ્રધ્ધાંજલિ સંદેશમાં નરેન્દ્ર મોદીએ સ્વ. કિશોર વાંકાવાલાએ સતત બીજીવાર ચૂંટાઈને જાગૃત ધારાસભ્ય તરીકે સેવાનિષ્ઠા આપ્યું હતું તે ભૂલાશે નહીં, તેમ જણાવતાં વાકાંવાલાના આત્માની પરમશાંતિ માટે પરમેશ્વરને પ્રાર્થના કરી છે.

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ આર.સી. ફળદુએ જનસંઘના અદના કાર્યકર તેમજ સુરત (પશ્ચિમ)ના ધારાસભ્ય કિશોરભાઈ વાકાંવાલાના દુઃખદ અવસાનથી શોકની લાગણી અનુભવી સમગ્ર ગુજરાતના ભાજપ પરિવાર વતી શ્રધ્ધાજંલિ આપી છે. સુરત ખાતે આજે સદ્‌ગતની અંતિમયાત્રામાં ભાજપના અગ્રણી પરશોત્તમ, રૂપાલા, ભાજપના પ્રદેશ ઉપાધ્યાક્ષ મંગુભાઈ પટેલ, ભાજપના પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા, મનસુખભાઈ માંડવીયા, રાજ્ય સરકારના પૂર્વ મંત્રી નરોત્તમભાઈ પટેલ, મેયર નિરંજન ઝાંઝમેરા સહિત ધારાસભ્યો, કોર્પોરેટરો તેમજ ભાજપના કાર્યકરો અને પ્રજાજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# સગા દિકરા મા-બાપની સેવા ન કરે તેવી સેવા સેનાના જવાનોએ કરી

## ગાંધીનગરના વધુ ૩૫ યાત્રીકો હેમખેમ પરત ફર્યા

## જાણીતા ડૉ. ગીરીશ શાહ પણ પરિવાર સાથે ઘરે પરત

ગાંધીનગર, તા. ૨૯

ઉત્તારાખંડમાં આવેલ ભયાનક કુદરતી પ્રકોપ સામે મોતને માત આપી આજે ગાંધીનગર શહેરના ૩૫ થી વધારે શ્રધ્ધાળુઓ યાત્રિકો હેમખેમ પોતાના ઘરે પરત પહોંચતા પરિવારજનોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. આ ૩૫ યાત્રીઓએ અન્ય એક ટુર લકઝરીની એક દિવસ હરિદ્વારમાં રાહ જોવામાં આ તમામની જીદંગી બચી ગઈ હતી.

ગાંધીનગર શહેરના સેક્ટર-૫, સે. ૩, મુબારકપુર અને અન્ય અમદાવાદના એમ કુલ મળી ૩૫ યાત્રિકો તા. ૮ જૂને ગાંધીનગરથી ચારધામની યાત્રાએ ગયા હતા. અનો હરિદ્વાર પહોંચતા ઉત્તરકાશીમાં બનેલી ઘટનાની જાણ થઈ હતી અનો સમગ્ર ઘટનાને પગલે તમામ યાત્રિકો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા અને



ઝાલા ગામે આવતા પોલીસે તેમને અટકાવી આગળ ન જવાની સલાહ આપી હતી.

આથી તેઓ તમામ ઝાલા ગામમાં રોકાઈ ગયા હતા અને બીજા દિવસે ઉત્તરકાશી તરફ જવાની તૈયારી કરતા જ ઉત્તરકાશી તરફના સુખીટોપ માર્ગ સમગ્ર બિસ્માર બન્યો હતો. આથી અમે આગળ ન જતા ત્યાં ફસાઈ ગયા હતા. અનો નવ દિવસ બાદ સૈનિકોની મદદથી અમે અન્ય હેલીકોપ્ટર પર લઈ આવ્યા હતા અને એક સંતાન પણ મા-બાપની સેવા કરે તેથી પણ વધુ સારી સેવા ત્યાંની સેનાએ કરીહતી. યાત્રિક સકરાભાઈ પ્રજાપતિના જણાવ્યા મુજબ અમે પાછળ આવતી એક અન્ય ટુરની રાહ જોવામાં હરિદ્વાર રોકાયા એટલે હાલ અમે જીવતા પાછા આવ્યા.

ગાંધીનગર શહેરના જાણીતા ઈ.એન.ટી. સર્જન ગીરીશ શાહ તથા તેમનું પરિવાર પણ ત્યાં ફસાયા હતા અને તેઓ પણ પરિવાર સાથે હેમખેમ ગાંધીનગર પરત આવી પહોંચ્યા છે.

### આરતી ઉતારી યાત્રિકોનું સ્વાગત

સેક્ટર-૫ના પ્રજાપતિ પરિવાર તેમજ અન્ય સાથી મિત્રો દ્વારા ઉત્તરાખંડથી પરત આવેલ યાત્રિકોનું ફૂલહાર તેમજ આરતી ઉતારી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. સાથોસાથ આવેલ યાત્રિકો માટે લીંબુ શરબત તેમજ જમવાની વ્યવસ્થા પણ આજ પરિવાર અને મિત્ર વર્તુળ દ્વારા કરવામાં આવી હતી.

## મુથૂટ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે

મૂટૂથ પીન કોર્પ લિમીટેડ દ્વારા સિવિલ હોસ્પિટલ, સોલાના સહયોગથી રક્તદાન કેમ્પનું આયોજન તા. ૩૦મી જૂનના રોજ સવારે ૯ થી ૧ દરમ્યાન ૨૦૧, પ્રથમ માળ, ડિસ્ટ્રીક્ટ સોપીંગ સેન્ટર, સે. ૨૧ ખાતે કરવામાં આવ્યું છે. આ બ્લડ ડોનેશન કેમ્પનો વધુમાં વધુ લાભ લેવા મૂટુથ ગ્રુપના ચેરમેન અને મેનેજીંગ ડાયરેક્ટર શ્રી થોમસ જોહ્‌ન મૂટૂથે અનુરોધ કર્યો છે.

## ભાવનાબેન ચિખલીયાના જુનાગઢમાં અંતિમસંસ્કાર

ભાજપના મહિલા આગેવાન કેન્દ્ર સરકારના પૂર્વમંત્રી સ્વ.ભાવનાબેન ચીખલીયાની જુનાગઢમાં આજરોજ અંતિમ વિધી કરવામાં આવી હતી. સ્વ. ભાવનાબેન ચીખલીયાની અંતિમ યાત્રામાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ આર.સી. ફળદુ, ભાજપના પ્રદેશ મહામંત્રી વિજયભાઈ રૂપાણી સહિત આગેવાનો જોડાયા હતા અને સ્વર્ગસ્થને સમગ્ર ગુજરાતના ભાજપ પરિવારવતી શ્રધ્ધાંજલિ આપી હતી. ભાવનાબેનનું ગઈકાલે અવસાન થયું હતું.

## બનાસકાંઠા જિલ્લા પંચાયતની સમિતિઓની રચના અંગેની બેઠક મોકુફ

આજરોજ જિલ્લા પંચાયત સભાખંડમાં જિલ્લા પંચાયત પ્રમુખ રાજુભાઈ જોષીના અધ્યક્ષ સ્થાને જિલ્લા પંચાયતની સમિતિઓની રચના કરવા માટેની સામાન્ય સભા મળેલ. બનાસકાંઠા જિલ્લાના પૂર્વ સાંસદ અને કેળવણીકાર હરીસિંહ ચાવડાનું જેફ વયે આકસ્મિક નિધન થતાં તથા ઉત્તરાખંડ પૂર હોનારતમાં અસંખ્ય દિવંગતો યાત્રાળુઓ, લશ્કરના એરફોર્સના દિવંગત જવાનોને બે મિનિટનું મૌન પાળી, જિલ્લા પંચાયત સામાન્ય સભા સમિતિ અંગેની બેઠક સમુલતવી રાખવામાં આવેલ છે.

## હિંમતનગરના મહેતાપુરા વિસ્તારમાંથી યુવતિ ગૂમ

હિંમતનગર, તા. ૨૯

હિંમતનગરના મહેતાપુરા આવેલા ખાડા વિસ્તારમાં રહેતી એક યુવતિ બે માસ અગાઉ ઘરેથી કોઈને કહ્યા વગર જતી રહી છે. જે પરત ન આવતા યુવતિના પિતાએ હિંમતનગર ટાઉન પોલીસ મથકે જાણવા જોગ ફરિયાદ આપી છે.

પ્રાપ્ત માહિતી મુજબ તા. ૨૬મી એપ્રિલ-૨૦૧૩ના રોજ પાડા વિસ્તારમાં રહેતી અનીતાબેન નરેન્દ્ર હરિપ્રસાદ થાપા (રાજપૂત) પોતાના ઘરેથી દવાખાને જઉ છું તેમ કહી નીકળી હતી જે આજદિન સુધી પરત ન આવતા તેણીના પિતાએ હિંમતનગર ટાઉન પોલીસ મથકે જાણવાજોગ ફરિયાદ કરી હતી. જે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# શિહોરી-ખિમાણા માર્ગ પર થયેલા બે અકસ્માતોમાં ત્રણનાં મોત : ૧૨ ઈજાગ્રસ્ત

પાટણ, તા.૨૯

કાંકરેજ તાલુકામાં બે અલગ અલગ સ્થળે માર્ગ અકસ્માત સર્જાયા હતા. જેમાં ત્રણ વ્યકિતના મૃત્યુ નિપજયા છે અને ૧૨લોકોને ઈજાઓ પહોંચી છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે નજીકની સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે શિહોરી પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ શિહોરી નજીક આવેલ ખિમાણા નજીક ઈનોવા ગાડીની ટકકર બાઈકને વાગતા બાઈક પર સવાર હરદાસભાઈ ધારસીભાઈ ઠાકોર (ઉ.વ.૪૦)નું ઘટનાસ્થળે મોત નિપજયું હતું. જયારે બાઈક ચાલક અમથાભાઈપટેલને (રહે. ખોડા) ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે ધારપુર મેડીકલ કોલેજ લઈ જવાયા હતા. બીજા બનાવમાં શિહોરી નેશનલ હાઈવે પર સફેદ પટ્ટાના કામને લીધે હાઈ-વેને ડાયવર્ઝન આપી એક માર્ગીય બનાવ્યો છે. કાંકરેજ પ્રમુખ તારાબેન સોલંકીએ તાલુકા હેલ્થ વિભાગના પી.એચ.સી. સેન્ટરના કર્મચારીની બેઠક બોલાવી હતી આ બેઠક પૂર્ણ કરી જતા કર્મચારીઓની ગાડી નં. જીજે. ૧૬ યુ ૩૫૧૨ને રાધનપુર તરફથી જૂના ટાયર ભરીને આવતી મીની ટ્રક જી.જે. ૯-ઝેડ ૪૦૫૯ એ જોરદાર ટકકર મારતા જીપના ફુરચા ઉડી ગયા હતા અને માર્ગ બંધ થઈ ગયો હતો. ઘાયલોને જીપમાંથી મહામુસીબતે બહાર કઢાયા હતા. તેમજ ક્રેઈન લાવી ગાડીઓ કઢાવી રસ્તો પુનઃ ચાલુ કરવામાં આવ્યો હતો. જીપમાં સવાર ઈજાગ્રસ્ત લોકોને ૧૦૮ મારફતે સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. ઘટનાની જાણ ઈજાગ્રસ્તોના સગા-સ્નેહીઓને થતાં ટોળે ટોળા સી.એચ.સી. સેન્ટર ખાતે ઉમટી પડયા હતા. શોકમગ્ન લાગણી છવાઈ હતી. બનાવની જાણ પોલીસને થતાં શિહોરી પી.એસ.આઈ. એસ.બી. ચૌધરી, મામલતદાર લલીતભાઈ સહિતના અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતાં.

### મૃતકોની યાદી

(૧) હરદાસભાઈ ધારસીભાઈ ઠાકોર (ભલગામ, ઉ.વ.૪૦)
(૨) અમરબેન રમેશભાઈ જોષી (ટેંબી)
(૩) અલ્પેશસિંહ કીંતુભા દરબાર (થરા) (ડ્રાઈવર)

### ઈજાગ્રસ્તોની યાદી

(૧) ગીતાબેન પ્રવિણભાઈ સોની (ઉ.વ.૩૨)
(૨) મહેશ લક્ષ્મણભાઈ દરજી (ઉ.વ.૨૪)
(૩) વસંતીબેન નાયી (ઉ.વ.૩૪)
(૪) રમીલાબેન પટેલ (ઉ.વ.૨૪)
(૫) નટુભાઈ ડી. પ્રજાપતિ (ઉ.વ.૩૭)
(૬) ઓસ્ટીનબેન જે. (ઉ.વ.૩૬)
(૭) કાશીરામભાઈ શ્રીમાળી (ઉ.વ.૨૬)
(૮) મહેશભાઈ પટેલ (ઉ.વ.૩૦)
(૯) નીરૂબેન પરમાર (ઉ.વ.૩૭)
(૧૦) મનહરબા ગઢવી (ઉ.વ.૩૦)
(૧૧) તમન્નાબેન મનહરભાઈ ગઢવી (ઉ.વ.૮)
(૧૨) અમથાભાઈ પટેલ (ખોડા) (ઉ.વ.૪૦)

# બનાસકાંઠાના પૂર્વ સાંસદ અને ગાંધીવાદી હરિસિંહ ચાવડાનું નિધન

પાલનપુર, તા. ૨૯

બનાસકાંઠા જિલ્લાના પૂર્વ સાંસદ તેમજ રચનાત્મક કાર્યક્રમો સાથે ગાંધીવાદી વિચારોનો પ્રચાર પ્રસાર કરનારા પાલનપુર નજીક આવેલ લોકનિકેતન રતનપુરના સ્થાપક હરિસિંહ ચાવડા જીવનના આઠ દાયકા વિતાવી નાદુરસ્ત તબીયતના કારણે પથારીવસ હતા. જેમનું ગતરોજ નિધન થતાં શિક્ષણ આલમ, રાજકીય આલમ તથા સમગ્ર જિલ્લામાં ભારે શોકની લાગણીનો માહોલ છવાઈ જવા પામ્યો હતો.



બનાસકાંઠાના પૂર્વ સાંસદ હરિસિંહ ચાવડા નાદુરસ્ત તબીયતના કારણે પથારીવસ હતા. જિલ્લાના ગરીબ બાળકોને શિક્ષણ મળી રહે તે માટે જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં લોકનિકેતન શાળા, હોસ્ટેલ બનાવીને ગરીબ બાળકોને શિક્ષણ મળી રહે તે માટે તન મન ધનથી સેવા આપનાર ગાંધીવાદી હરિસિંહ ચાવડા લોકનિકેતનની વિકાસયાત્રાને આગળ ધપાવી રચનાત્મક તથા સેવાકીય પ્રવૃત્તિઓ કરનારા સ્વ. સાંસદ હરિસિંહ ચાવડાએ જીવનના આઠ દાયકા વિતાવીને લક્ષ્મીનું દાન કરનારા સ્વ. ચાવડાએ ગતરોજ લોકનિકેતન રતનપુર ખાતે સૌ ટ્રસ્ટીઓ આગેવાનોની હાજરીમાં હરિસિંહ ચાવડા અને તેમના ધર્મપત્ની પુષ્પાબેન ચાવડાની સહી સાથેનો દસ્તાવેજ લોકનિકેતનના ટ્રસ્ટીગણને સુપ્રત કરેલો હતો. ગરીબ બાળકોની જીવતે જીવ તન મનથી સેવા કરીને લોક નિકેતનની વિકાસયાત્રાના

### નાદુરસ્ત તબીયતના કારણે પથારીવશ હતા

સાક્ષી બનાવવા પોતાના મૃત્યુ બાદ પણ આ શિક્ષણ દાનની સાથે લક્ષ્મીદાન કરીને તેમના મોતને પણ યાદગાર બનાવી નાખ્યોછે. લક્ષ્મીદાનનો ગતરોજ કાર્યક્રમ રાખીને ગાંધીવાદી વિચાર ધારા સાથે જિલ્લામાં શિક્ષણની આહલેક જગાડનાર હરિસિંહ ચાવડા આજીવન વિદ્યાદાન કરતા રહ્યા છે. ત્યારે ગજરોજ શિક્ષણની જ્યોત ઝળહળતી રાખવા માટે અને દરિદ્ર નારાયણની સેવા માટે લક્ષ્મીદાન કરતો કાર્યક્રમ મિત્રો શુભેચ્છકો ટ્રસ્ટીગણ અને પરીવારજનોની ઉપસ્થિતિમાં જીવનના પરમ સત્ય મોતને નિહાળનારા હરિસિંહ ચાવડાએ પોતાની સંપતિના ભાગ કર્યા હતા અને પોતાના દિકરા-દિકરીઓને ભાગ આપવા સાથે એક ભાગ શિક્ષણ માટે લોકનિકેતનને આપેલ. જે સંપતિમાંથી તેઓએ કન્યા વિદ્યાલયનું મકાન, ગૌશાળા માટે દાન તથા સેવા અને તેજસ્વી ગરીબ વિદ્યાર્થીઓને કાયમી શિષ્યવૃત્તિની પ્રવૃત્તિ ચાલતી રહે તે માટે ભાગ આપેલ. આમ આજીવન વિદ્યાદાન કરનારા હરિસિંહ ચાવડાએ લક્ષ્મીદાન કરીને તેમના મોતને પણ યાદગાર બનાવી નાખ્યું હતું. આવા ઉમદા જનહિત ગરીબો માટે વિચારનારા ગાંધીવાદી હરિસિંહ ચાવડા અસંખ્ય દરિદ્રનારાયણના તેમના બાળકો પરીવારજનો,મીત્રો લોકનિકેતનના તેમના પરીવાર બાળકો, વાલીઓ બહેનો, શિક્ષકગણને મુકીને હંમેશના માટે નેકદિલ વ્યક્તિત્વ રાખનારા પોઢી ગયા છે. સવારના સમયે હરિસિંહ ચાવડાએ અંતિમ શ્વાસ લીધો હતો તેમના મૃત્યુના સમાચાર વાયુવેગે પ્રસરતા સમગ્ર જિલ્લામાં અને જિલ્લા બહાર ભારે શોકની લાગણી પ્રસરવા લાગી છે. સવારના સમયે તેમના નિધનના સમાચાર સાંભળીને બનાસડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળ, પ્રદેશ ભાજપના મહામંત્રી શંકરભાઈ ચૌધરી તથા મંત્રી લીલાધરભાઈ વાઘેલા, જિલ્લા પંચાયતના પ્રમુખ રાજુભાઈ જોષી સહિત ભાજપના અગ્રણીઓ લોકનિકેતન ખાતે દોડી ગયા હતા. લોકનિકેતન ખાતે સ્વ. હરિસિંહ ચાવડાની સમાધી લોક નિકેતન રતનપુર ખાતે બનાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

## શબ્દાવલી - ૫૧૦૪

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ■ | ૪ | ૫ |
| | ■ | ૬ | | ■ | ૭ | | |
| ૮ | ૯ | ■ | ૧૦ | ૧૧ | | | ■ |
| ૧૨ | | ૧૩ | ■ | ૧૪ | | ■ | ૧૫ |
| ■ | ૧૬ | | ■ | | ■ | ૧૭ | |
| ૧૮ | | ■ | ૧૯ | ■ | ૨૦ | | |
| | ■ | ૨૧ | | ૨૨ | | ■ | |
| ૨૩ | | | ■ | ૨૪ | | | |

### આડી ચાવી

૧. સૂર્ય આસપાસનું આભામંડળ (૫)
૪. ... ત્યાં જંપ (૨)
૬. લાકડાની એક જાત (૨)
૭. લાપસી, લગ્નમાં... ખવાય (૩)
૮. ... જણાવવાનું કે સાયનય જેવું સંબોધન (૨)
૧૦. ગતિ (૪)
૧૧. ખોટું, અસલી નહિ તેવું (૩)
૧૪. શરીર (૨)
૧૬. ... મળ્યા નહિ ને લગ્નેશરી થયા નહિ (૨)
૧૭. ... વાગેલું મટવા આવ્યે તેને ... આવી કહેવાય (૨)
૧૮. મદારી (૨)
૨૦. ચોખામાંથી...અને પૌંઆ બને (૩)
૨૧. શરદી... (૪)
૨૩. ધન, મિલ્કત (૩)
૨૪. તળાવ (૪)

### ઊભી ચાવી

૧. આશય, કારણ (૪)
૨. મનસા, મનથી (૨)
૩. રસ્તો, કેડી (૩)
૪. ... છે સુખ-દુઃખ આવે ને જાય (૩)
૫. ઉપર, એના... (૨)
૭. શણના થેલામાંથી બને તે (૩)
૯. તુટી જાય તેવું (૪)
૧૧. મુસ્લિમ ધર્મશાસ્ત્રીનો હુકમ (૩)
૧૩. માથામાં પડે જુ-ટોલા (૨)
૧૫. અજર અને અમર (૫)
૧૭. ઓરડો, કક્ષ (૨)
૧૮. વચન, ... કરવો (૩)
૧૯. જલ્દી જાય તો સારૂ જેવો ભાવ દર્શાવવો, ... તો સારૂં (૨)
૨૦. વાતમાં ડપકું મુકવું, ... મુકવો (૩)
૨૧. સત્ય (૨)
૨૨. ખસેડવા આદેશ, આઘો...(૨)

### શબ્દાવલી ૫૧૦૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) પ્રદર્શિત (૪) વાનગી (૬) દામ (૭) રીયાસત (૧૧) વામન (૧૩) ખપત (૧૫) ગત (૧૬) વિર (૧૭) અંજની પુત્ર (૨૦) બરજ (૨૨) કાકા (૨૪) ડફલી (૨૫) હરદમ

**ઊભી ચાવી :-** (૧) પ્રદાન (૨) દમ (૩) તરી (૪) વાસ (૫) નત (૮) યાર (૯) જામ (૧૦) કાતર (૧૧) ગડબડ (૧૭) અંજલી (૧૮) નીકાહ (૧૯) પુકાર (૨૧) રફ (૨૩) હામ


### કંપની સમાચાર

## ગુજરાતીલેક્સિકોન હવે મોબાઈલમાં ઉપલબ્ધ

આજે મોબાઈલ ટેકનોલોજીના યુગમાં નવીન ટેકનોલોજી સાથે તાલ મેળવીને ગુજરાતીલેક્સિકોન રજૂ કરે છે તેની વિવિધ પાંચ મોબાઈલ એપ્લિકેશન. આ એપ્લિકેશન દ્વારા વેબસાઈટ ઉપર સૌથી વધુ લોકચાહના અને સરાહના પામેલા તેના વિવિધ શબ્દકોશો, કહેવતો, રૂઢિપ્રયોગ અને અન્ય વિભાગો વગેરેને સરળતાથી ઉપલબ્ધ બનાવ્યા છે. આ ઉપરાંત ક્રોસવર્ડ, ક્વિક ક્વિઝ અને અન્ય વિવિધ રમતો એન્ડ્રોઈડ, એપલ આઈઓએસ અને બ્લેકબેરી ધરાવતા મોટાભાગના સ્માર્ટફોન અને ટેબ્લેટમાં રમી શકાશે.

૨૦૦૬ થી શરૂ થયેલી આ સફર અત્યાર સુધી ૨ કરોડથી પણ વધુ મુલાકાતો દ્વારા મોટા પાયે લોકચાહના પામેલ છે. હજુ વધુ લોકો માટે વેબસાઈટ અને મોબાઈલની સુવિધા ઉપલબ્ધ બનાવવાના પ્રયાસરૂપે આજે અમે તેની એન્ડ્રોઈડ, એપલ આઈઓએસ અને બ્લેકબેરી પ્લેટફોર્મ માટેની મોબાઈલ એપ્લિકેશનનું લોકાર્પણ કરીએ છીએ. આશા છે સૌ ભાષા પ્રેમીઓ માટે આ સુવિધા ઉપયોગી સાબિત થશે.

## વર્લ્ડ બેસ્ટ ઈન્સ્યોરન્સ સેવાઓ આપતી કંપનીઓમાં નંબર વનનું સિલેક્શન

દિન પ્રતિદિન વીમો ઉતરાવવાની વધતી જતી જરૂરિયાતની સાથે સાથે વધતી જતી ઈન્સ્યોરન્સ કંપનીઓ અને તેમની વિવિધ સેવાઓમાંથી 'નંબર વન' નું સિલેક્શન કરી આપતી ચેન્નાઈની ફર્સ્ટ ઈન્સ્યોરન્સ વર્લ્ડ બ્રોકિંગ સર્વિસિઝ કંપનીની રિજિઓનલ ઓફિસનું ઉદ્‌ઘાટન શુક્રવાર તા. ૨૮ જૂનના રોજ અમદાવાદ ખાતે કરવામાં આવ્યું. આ પ્રસંગે પત્રકારો સાથે વાતચીત કરતા કંપનીના મેનેજીંગ ડિરેક્ટર મેથ્યુ પ્રભાકરને જણાવ્યું હતું કે વિશ્વકક્ષાની ૧૮ લાઈફ ઈન્સ્યોરન્સની અને ૧૮ જનરલ ઈન્સ્યોરન્સની કંપનીઓ માટે કોમન એજન્ટ તરીકેની સેવાઓ આપતી અમારી કંપની ગુજરાતના લોકો માટે પોતાની વ્યક્તિગત જરૂરિયાત પ્રમાણે નંબર વન ઈન્સ્યોરન્સ સેવાઓ પ્રાપ્ત કરવાનું વિશ્વાસપાત્ર સ્થાન બની જશે. પ્રોપર્ટી, કાર, ટ્રક, બાઈક જેવા તમામ વાહનો, લાઈફ એન્ડ હેલ્થ, ટ્રાવેલ, લાઈફ સ્ટાઈલ જેવી અનેક પ્રકારની વ્યક્તિગત ઈન્સ્યોરન્સ સેવાઓ તેમજ એમ્પ્લોઈઝ લાયાબિલિટી, ઓવરસીઝ ટ્રાવેલ, મરીન કારગો, પબ્લિક લાયાબિલિટી, બિઝનેસ ઈન્ટરપ્સન ઈન્સ્યોરન્સ જેવી તમામ પ્રકારની કોર્પોરેટ, ઈન્ડસ્ટ્રીયલ અને પ્રોફેશનલ ઈન્સ્યોરન્સ સેવાઓ માટે સૌથી શ્રેષ્ઠ કંપની શોધી આપવાનું અને તે માટેના વીમો ઉતરાવી આપવાનું કામ ફર્સ્ટ ઈન્સ્યોરન્સ વર્લ્ડ કંપની કરે છે.


## ભાવવધારો... ● પહેલા પાનાનું ચાલુ

જીએસપીસી દ્વારા ગેસના ભાવમાં કરાયેલા વધારા બાદ મધુર ડેરી દ્વારા દૂધના ભાવમાં કરાયેલા વધારાને કારણે મધ્યમવર્ગ પર આર્થિક બોજો વધશે અને તેની સીધી અસર ખરીદી પર થશે.

ગાંધીનગર શહેરમાં જ મધુર ડેરી દ્વારા દૂધનું મોટુ વેચાણ કરવા ઉપરાંત ગાંધીનગરની આસપાસના વિસ્તારોમાં થઈ દૈનિક ૯૦ હજાર લીટર દૂધનું વેચાણ થઈ રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે ૧ કિલો ફેટના રૂ. ૫૦૦ લેખે પશુપાલકોને ચુકવવાનો પણ નિર્ણય ડેરી સત્તાવાળાઓએ લીધો છે. જે અન્ય ડેરીઓની તુલનામાં સૌથી વધારે છે તેમ પણ ડેરીના સૂત્રોએ જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં દૂધ ઉત્પાદન વધે તે માટે અનેક વિધ પ્રોત્સાહનો પણ આગામી દિવસોમાં મધુર ડેરી દ્વારા જાહેર કરાય તેવી શક્યતાના નિર્દેશો પણ ડેરીના અંતરંગ સૂત્રોમાંથી મળી રહ્યા છે.

## રાજીનામું પાછું ખેંચ્યું...

● પહેલા પાનાનું ચાલુ

૨૭મીએ પંચાયતની સામાન્ય સભા શરૂ થાય તે પૂર્વે જ શ્રી ગાંભુસિંહ રાઠોડ પોતાના હોદ્દા પરથી રાજીનામુ આપતા હોવાનો પત્ર જિલ્લા પ્રમુખ શ્રી રાણા તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રીના કાર્યાલયમાં આવી પંચાયત ભવન છોડી ગયા હતા. એક દિવસ સુધી તેઓ સૌને મળવાથી દૂર રહ્યા હતા પરંતુ આખરે આજે તેમણે ગેરસમજો દૂર થતાં પોતાનું રાજીનામુ પાછુ ખેંચ્યું છે.

## પીએસઆઈ સસ્પેન્ડ... ● છેલ્લા પાનાનું ચાલુ

નરેન્દ્ર મોદી સહિત વિવિધ મંત્રીઓ જ્યાં બેસે છે તે સ્વર્ણિમ સંકુલના ગેટ પાસે સ્કેનરમાંથી એક મહિલા ઝુવેરીયાબેન હાફીસ પસાર થયા અને સાયરન શરૂ થઈ જતાં તેણીનું પોલીસે ચેકીંગ કર્યું હતું. ઝુવેરીયાબેન પાસેથી ઘાતક ગુપ્તી નીકળતા પોલીસસ્ટાફ પણ ચોંકી ઉઠ્યો હતો અને સે. ૭ પોલીસે તેણીની જાહેરનામા ભંગ બદલ ગુનો દાખલ કરી ધરપકડ કરી મહિલાની હિસ્ટ્રી સહિત ઈરાદો બહાર લાવવા પુછપરછ શરૂ કરી હતી. તેણીના નિવેદન મુજબ રજુઆત માટે સી.એમ.ને મળવા આવી હતી અને ગુપ્તી અંગે પૃચ્છા કરાતા ભરૂચથી શાકભાજી સમારવા છરી માંગી હતી પરંતુ વેપારીએ આ મોટી છરી શાક સમારવા માટે સારી ઉપયોગી બનશે તેમ કહીને આપતા મહિલાએ લઈ લીધી હોવાનું કહે છે. જો કે મહિલા જામીન પર મુક્ત થઈ ગઈ છે. પરંતુ સુરક્ષા-સલામતી નવા સચિવાલય સંકુલમાં કેવી...? આઈ કાર્ડ વગર એન્ટ્રી જ્યાંથી મળતી નથી ત્યાં એક મહિલા ગુપ્તી સાથે પ્રવેશી ગઈ...! આ બાબતને ગંભીરતાથી લઈને મહિલા કયા ગેટ પરથી પસાર થઈ હતી તેની તપાસ કરાવી એસ.પી. મેટલ ડીટેક્ટર સહીતના મશીનો આપવા છતાં તેનો ઉપયોગ ન કરનાર તથા મુલાકાતીઓના ચેકીંગ કરવામાં બેદરકારી દાખવનાર પી.એસ.આઈ. ટી.બી. ડામોરને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.


### બીજો પ્રયત્ન : જાહેર ખબર

આ ખાતાની કચેરીનું જૂનું રદ્દબાતલ ફર્નીચર જ્યાં છે જેમ છે તે સ્થિતિમાં આદર્શ નિવાસી શાળા (કુમાર), ઈન્કવાયરી ઓફિસની સામે, સેક્ટર-૮, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. તેનો જાહેર હરાજીથી નિકાલ કરવાનો છે. તો રસ ધરાવતી સંસ્થા / વેપારીઓએ જોઈ જવા અને તા. ૧૦-૭-૨૦૧૩ના રોજ ૧૬.૦૦ કલાકે તે જ સ્થળે જાહેર હરાજીમાં હાજર રહેવા વિનંતી છે.

નિયામક
અનુસુચિત જાતિ કલ્યાણ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર વતી

માહિતી/૬૬૩/૧૩-૧૪

ટચૂકડી જાહેર ખબર

**પ્લોટ વેચવાનો છે**

સેક્ટર-૨૮, ઘ-૬ કોર્નર ૧૯૫ મીટરનો પ્લોટ તથા સેક્ટર-૪/ડીમાં ફ્લેટ વેચવાના તથા ભાડે આપવાના છે

-: સંપર્ક :-
૯૮૨૫૮૦૫૧૪૧

**ઓફિસ વેચવાની છે**

સેકટર-૧૧માં ૫૦૦ ફુટની ઓફિસ તથા સે-૨૮, ઘ-૬ કોર્નરે દુકાનો વેચવાની છે.

-: સંપર્ક :-
૯૮૨૫૮૦૫૧૪૧